**Gujarat Samachar Pg 5, 02nd March 2022**

## ઈથેર ૩૦૦૦ ડોલર : ઈન્ડેક્સમાં સ્પ્રિંગ જેવો ઉછાળો

# ક્રિપ્ટોમાં તેજી: બિટકોઈનના ભાવ ૭૦૦૦ ઉછળી ૪૪ હજાર ડોલર વટાવી ગયા

(વાણિજ્યપ્રતિનિધિ) મુંબઈ,તા.૧

ક્રિપ્ટો કરન્સીની બજારમાં આજે ભાવમાં સ્પ્રિંગ જેવો ઉછાળો જોવા મળ્યો હતો. રશિયા-યુક્રેન વચ્ચે તણાવ વધતાં વિશ્વ બજારમાં સોના તથા ક્રૂડના ભાવ ઉછળ્યા હતા. ડોલર ઈન્ડેક્સ ઘટયો હતો તથા બોન્ડ યીલ્ડ પણ ઘટી હતી. આની અસર ક્રિપ્ટો બજાર પર દેખાઈ હતી. બિટકોઈનના ભાવ આજે નીચામાં ૩૮૦૩૫ ડોલર રહ્યા પછી ઉંચામાં ભાવ ૪૪૯૫૪ ડોલર થઈ ૪૪૬૧૦થી ૪૪૬૧૫ ડોલર રહ્યા હતા. યુદ્ધના માહોલમાં ડોનેશનો ક્રિપ્ટો કરન્સીના સ્વરૂપમાં આવતા થયાની ચર્ચા હતી. યક્રેને વોર ફંડીગ માટે ક્રિપ્ટો પોલકાડોટની વોલેટ શરૂ કર્યાના સમાચાર હતા. મિડકેપમાં આજે ઈથેરના ભાવ ૨૭૨૬થી ઉછળી ૩૦૩૯ ડોલર બોલાયા હતા.

દરમિયાન ક્રિપ્ટોવાયરનો ક્રિપ્ટો ઈન્ડેક્સ આજે ૬૨૬૯ પોઈન્ટ ઉછળી ઉંચામાં ૬૨૪૮૮ થઈ ૬૧૫૦૯ રહ્યાના નિર્દેશો હતા. વિવિધ ક્રિપ્ટો કરન્સીઓ આજે ૧૫થી ૨૦ ટકા ઉછળી હતી તથા કુલ માર્કેટ કેપ ૧૨ ટકા વધી ૧.૯૦ ટ્રીલીયન ડોલરને આંબી ગયું હતું. સ્મોલકેપમાં પોલકાડોટ, એક્સઆરપી, કારડનો, સોલાના, ડોજકોઈન, શિબાઈનુ વિ. ક્રિપ્ટોના ભાવ આજે ઉછળતા જોવા મળ્યા હતા.